ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪/કવા–૦૪/૧૮–૧૯/2442-33 તા. 30-3-19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,

ચેતન દુર્લભજીભાઈ રામાણી,

--પ્રણામ'

અલકા સોસાયટી શેરી નંબર,

૦૨/૧૦ મવડી મેઇન રોડ,

રાજકોટ

મો: ૯૪ ૨૬૭ ૭૮ ૭૭૩

વિષય :–નવુ જોડાણ અટકાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪/કવા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૦૪/ક્વા–૦૪/૧૮–૧૯/** ૮૫૫૮-૩૩ તા. ૩૦-૩-૧૯

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: ચેતન દુર્લભજીભાઈ રામાણી ગામ: શાપર વેરાવળ

રજૂઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે જયેશભાઈ ધીરૂભાઈ ભુત હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

રજૂઆત કરનાર: શ્રી એલ.કે.પરમાર કાર્યપાલક ઈજનેર

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: 30/03/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. 30/03/૨૦૧૯ ના રોજ ફોરમ કમિટી સમક્ષ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ચેતન દુર્લભજીભાઈ રામાણી, ગામ: શાપર વેરાવળ તેઓની અરજી ના નોધણી નંબર :૪/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓના નવા વીજજોડાણની અરજી ૨૩૭૦/૨૬.૯.૧૮ શાપર–વેરાવળ પેટા વિભાગીય કચેરી દવારા સપ્લાયકોડ ૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ અટકાવવામાં આવેલ છે.

૨.૧ અરજદાર શ્રી સદર સ્થળ/ જગ્યા અરજદારે શ્રી વાલજીભાઇ અરજણભાઇ કોરાટ પાસેથી ખરીદ કરેલ છે. મુળ માલીક શ્રી વાલજીભાઈ અરજણભાઈ કોરાટ સામે વીજ ચોરીનો ખોટો કેઈસ થયેલ છે – જે ફોજદારી કેઈસ મા નિર્દોષ જાહેર થયેલ છે, અને દિવાની દાવામાં વાલજીભાઈ વિરૂધ્ધ હુકમ ફરમાવવામા આવતા – સદર હુકમ સામે તેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ મા પીટીશન કરેલ હોય – જે પીટીશન અન્વયે વાલજીભાઈ ની અન્ય મીલ્કત ઉપર બોજો દાખલ કરાયેલ છે. જયારે અરજદાર દ્વારા વાલજીભાઈ અરજણભાઈ કોરાટ પાસેથી ખરીદેલ કરાયેલ મીલ્કત ઉપર કોઈ બોજો દાખલ થયેલ નથી.

૨.૨ સદર જગ્યા પર બીન ખેતી તબ્દીલ કરતા સમયે – પીજીવીસીએલ દ્વારા એન.ઓ.સી. અપાયેલ છે, અને અમોએ મીલ્કત ખરીદ કરેલ ત્યારે તમામ પ્રકારની કામગીરી પૂર્ણ કરાયેલ હોવા છતા – વીજજોડાણ અપાયેલ નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની મુદદા નં. ૨.૦ થી ૨.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ચેતન દુર્લભજીભાઈ રામાણી ના નવા વીજજોડાણની અરજી ૨૩૭૦/૨૬.૯.૧૮ શાપર-વેરાવળ પેટા વિભાગીય કચેરી દવારા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ અટકાવવામાં આવેલ છે. અરજદાર શ્રી ચેતન દુર્લભજીભાઈ રામાણી દવારા સ્થળ/ જગ્યા શ્રી વાલજીભાઇ અરજણભાઇ કોરાટ પાસેથી ખરીદ કરેલ છે.

3.૧ સર્વે નં-૧૮૬ પૈકી ના પ્લોટ નં-૩.૨-બી ની જગ્યા પર જમીનના મુળ માલિક શ્રી વાલજીભાઇ અરજણભાઇ કોરાટને રૂા ૧૭૬૮૦૮૩.૭૩ નું બિનગ્રાહક તરીકેનું પુરવણી આપવામાં આવેલ જે ભરપાઇ ન થતા દાવા નં-૭૩/૨૦૦૫ થી દાવો દાખલ કરવામાં આવેલ જેની ચુકાદો પીજીવીસીએલ કંપનીની તરફેણમાં આવતા નામદાર કોર્ટે ૧.૫ ટકા વિલંબિત ચાર્જ સહિત વસુલાત માટેની હુકમ કરેલ છે.જે હુકમ અન્વયે લેણુ વસુલ કરવા વાલજીભાઇ અરજણભાઇ કોરાટ સામે દરખાસ્ત નં-૭/૨૦૧૩ ગોંડલ કોર્ટમાં ચાલુ છે.

3.૨ ઉપરોક્ત દરખાસ્ત નં-૭/૨૦૧૩ ના રૂા.૪૫૭૩૫૮૪.૦૯ ના લેણા માટે વાલજીભાઇ અરજણભાઇ ની અન્ય મિલકતો પર શાપર-વેરાવળ પેટા વિભાગીય કચેરી દવારા બોજા એન્ટ્રી દાખલ કરાવવામાં આવેલ.

3.3 દાવા નં- ૭૩/૨૦૦૫ ના ચુકાદા સામે વાલજીભાઇ અરજણભાઇ કોરાટે નામદાર હાઇકોર્ટમાં અપીલ નં-૩૫૯/૨૦૧૪ થી અપીલ કરેલ છે જે હાલમાં ચાલુ છે અને નામદાર કોર્ટે સમક્ષ સિક્યોરીટી પેટે રૂા.૪૫ લાખની બેંક ગેરેન્ટી જમા કરી તેઓની મિલકત પરની બોજા એન્ટ્રી રદ કરાવેલ છે.

3.૪ ઉપરોક્ત બેંક ગેરેંટી તા.૧૦.૮.૧૭ ના રોજ પુર્ણ થયેલ છે અને શ્રી વાલજીભાઇ અરજણભાઇ એ નવી રીન્યુ કરેલ બેંક ગેરેંટી નામદાર કોર્ટમાં જામ કરાવેલ ન હોય પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં-ડીઇ/એસવીએસડી/રેવ/૧૬૮ તા.૧૦.૧.૧૯ અને પત્ર નં- ડીઇ/એસવીએસડી/રેવ/૧૬૯ તા.૧૦.૧.૧૯ થી બોજા એન્ટ્રી મોટની કાર્યવાહી ચાલુ કરેલ છે.તેમજ પેટા વિભાગીય કચેરી દવારા અરજદારને એન.ઓ.સી.આપવામાં આવેલ નથી.

3.૫ આમ,શાપર વેરાવળ પેટા વિભાગીય કચેરી દવારા જુના માલિક વાલજીભાઇ અરજણભાઇ કોરાટ સામે લેણુ બાકી હોય અરજદારની નવા કનેકશનની અરજી અટકાવવામાં આવેલ છે તે સપ્લાય કોડ ૨૦૧૫ ની કલોઝ નં-૪:૩૦ ના નિયમાધીન છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા રજુ કરાયેલ ગામ ના નમુના નં.-૦૨ મુજબ રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ ગામની જમીન ના સર્વે નં ૭૨૮ ના ઓર્દ્યોગીક હેતુવાળા પ્લોટ નં.-૦૨ શ્રી ચેતન દુર્લભજીભાઈ રામાણી એ શ્રી વાલજીભાઈ અરજણભાઈ કોરાટ અને કેશુભાઈ અરજણભાઈ કોરાટ પાસેથી ખરીદેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદા નં .૩.૨ મુજબ સર્વે નં-૧૮૬ પૈકી ના પ્લોટ નં-૩.૨-બી ની જગ્યા પર જમીનના મુળ માલિક શ્રી વાલજીભાઇ અરજણભાઇ કોરાટને રૂા ૧૭૬૮૦૮૩.૭૩ નું બિનગ્રાહક તરીકેનું પુરવણી આપવામાં આવેલ પરંતુ, અરજદાર દ્વારા નવુ વીજજોડાણ ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – સર્વે નંબર: ૭૨૮ ના પ્લોટ નં.- ૨ માં માંગણી કરાયેલ હોય – તે જગ્યા પર મુળ માલિક શ્રી વાલજીભાઇ અરજણભાઇ કોરાટની કોઈ લેણી રકમ કે બોજો દાખલ થયેલ હોય – તે અંગે ના સામેવાળા દ્વારા કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી.

૪.૩ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ''નવા જોડાણ, પુનઃ જોડાણ, વીજભાર મા વધારો કે ઘટાડો, નામ બદલી અથવા કોઈ જગ્યા માટે સર્વિસલાઈન શીફટીગ માટે ની અરજી, તે જગ્યા ને સબંધીત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદાર ને વિતરણ પરવાનેદાર ના અધિકારક્ષેત્ર મા કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણ ના સબંધ મા કોઈ બાકી રકમ – ચુકવવામા આવશે નહી, ત્યા સુધી પરવાનેદાર દ્વારા ધ્યાન મા લેવામા આવશે નહી. પરંતુ, નવા અરજદાર પાસેથી અગાઉ ના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામા આવે – તેવા કેઈસ મા અને યોગ્ય કાનુની ઉપાય પ્રાપ્ત થયા પછી – પરવાનેદાર ને તે જગ્યા અગાઉ ના ગ્રાહક / માલીક પાસેથી કે કબ્જેદાર પાસેથી બાકી નિકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેઈસ મા, આવી બાકી નિકળતી રકમ વસુલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસુલ કરવામા આવી હોય તે નવા ગ્રાહક / માલીક કે કબ્જેદાર ને રકમ પાછી અપાશે''

૪.૪ અરજદાર દ્વારા નવા વીજજોડાણ મેળવવા માટે ની અરજી મા – જોડેલ દસ્તાવેજીક પેપર્સ મા – વેચનાર તરીકે વાલજીભાઈ અરજણભાઈ કોરાટનો ઉલ્લેખ હોય – પરંતુ, ઉપરોકત મુદ્દા નં. ૪.૧ ૪.૨ અને ૪.૩ મુજબ – અરજદાર દ્વારા કરાયેલ તેઓની માંગણી મુજબ ની જગ્યા એ કોઈપણ પ્રકારનુ પીજીવીસીએલ ની લેણી રકમ બાકી ન હોય – સર્વે વેરાવળ ગામની જમીન ના સર્વે નં ૭૨૮ ના ઓર્દ્યોગીક હેતુવાળા પ્લોટ નં.–૦૨ શ્રી શ્રી ચેતન દુર્લભજીભાઈ રામાણી દ્વારા તેઓની વીજ જોડાણ મેળવવા માટેની અરજી અન્વયે – પીજીવીસીએલ દ્વારા નિયમાધીન પ્રક્રીયા હેઠળ વીજ જોડાણ આપવાની કાર્યવાહી સત્વરે પુરી કરવી, તે બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ કરાયેલ છે.

૪.૫ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે. બી. પારેખ) |
| સ્વતંત્ર સભ્ય | ટેકનીકલ સભ્ય | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯